**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

B/107, Harmu Housing Colony,
P. O. Doranda,
P. S. Argora,
Ranchi - 834 012
Ph. : 0651-2244144
e-mail : parimal.nathwani@sansad.nic.in

**અખબારી યાદી**

## વિશ્વ વ્યાપાર અને ચીન સાથેના વ્યાપારમાં વધારો કરવા સરકાર પ્રયત્નશીલ છે

**ઓગષ્ટ ૪, ૨૦૧૧ :** વિશ્વમાં વ્યાપારી માલની નિકાસમાં જાન્યુઆરી-માર્ચ ૨૦૧૧ સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧.૭૩ ટકાનો વધારો નોંધાયો છે. જે ગત વર્ષે આ સમયગાળામાં ૧.૪૯ ટકા હતો. જો કે આ જ સમયગાળા દરમિયાન વિશ્વમાં વસ્તુ નિકાસ ક્ષેત્રમાં ચીનનો હિસ્સો ૯.૧૪ ટકાથી વધીને ૯.૪૫ ટકા થયો છે. ચીન સાથેના વ્યાપારમાં ગ્રાહકલક્ષી ઉત્પાદનોની નિકાસમાં વધારો થવાની સંભાવના છે. તેમ કેન્દ્રના વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ રાજ્ય સભામાં ઝારખંડના સાંસદ શ્રી પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના ઉત્તરમાં આ મુજબની માહિતી આપી હતી.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે આપણી ભાગીદારી વધારવા માટે બજાર અને ઉત્પાદનોમાં વિવિધતા લાવવા માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. જેમકે; બજાર કેન્દ્રીત યોજના, બજાર સંલગ્ન કેન્દ્રીત યોજના તથા ખાસ કૃષિ અને ગ્રામ વિકાસ યોજના. આ ઉપરાંત વિદેશ વેપાર નીતિ ૨૦૦૯-૧૪ માટે જાન્યુઆરી અને માર્ચ ૨૦૧૦ અને બાદમાં ૨૩ ઓગષ્ટ ૨૦૧૦ના રજૂ થયેલ વિદેશ વ્યાપાર નીતિની વાર્ષિક પૂરવણીમા તથા ફેબ્રુઆરી ૨૦૧૧માં કરવામાં આવેલાં પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે.

ચીન સાથેના વ્યાપાર અંગેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, ચીન સરકાર દ્વારા ઘરેલુ વપરાશનાં ઉત્પાદનો ઉપર ધ્યાન દેવાથી ભારતથી ચીનમાં નિકાસ કરવામાં આવતાં વસ્ત્રો, તૈયાર આભૂષણો, નાની મોટરકારો, એન્જીનિયરીંગ ઉત્પાદનો, ઘરેલુ સામાન જેવાં ઉત્પાદનોની નિકાસમાં વધારો થવાની સંભાવના છે.

મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં એમ પણ જણાવ્યું કે દવા અને ઔષધ, આઇ.ટી. અને આઇ.ટી.ઇ.એસ., ઓટોમોટીવ અને એન્જીનિયરીંગ ક્ષેત્રો કે જ્યાં ભારતીય ઉદ્યોગ સ્પર્ધાત્મક પરિસ્થિતિ ધરાવે છે. વીજળી-સંયંત્રો, માળખાકીય અને ટેલિકોમ ક્ષેત્રોમાં આર્થિક સહયોગની પણ ઉજ્જવળ શક્યતાઓ ધરાવે છે. ભારતીય કંપનીઓને આ બજારમાં પ્રોત્સાહિત કરવા માટે ચીનમાં યોજાતા વેપાર મેળાઓમાં તેમનાં ઉત્પાદનો રજૂ કરવા અને ચીનની બજારમાં વધુ સહકાર અને ભાગીદારી કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે; તેમ પણ મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું હતું.

★ ★ ★